# **પ્રથમ વર્ષ ડીગ્રી અને ડીપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમ નાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓને જાણવા જોગ**

રાજ્યમાં આશરે ૧૦૦ ફાર્મસી કોલેજ આવેલ છે જેની આશરે ૯૫૦૦ બેઠકો છે. ઉક્ત બાબતે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનાં GUJCET/ NEET/JEE પરીક્ષા આપેલ વિદ્યાર્થિઓ પ્રવેશ માટે લાયક રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફાર્મસીમાં બેઠકોની મંજુરી ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા આપે છે જેના આધારે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ બાદ લાઈસન્સ આપવામાં આવે છે. ઉક્ત બાબતે બેઠકોની મંજુરી પ્રવેશ આપતા પહેલા હોવી જરૂરી છે. ફાર્મસી કાઉન્સિલ દ્વારા ઇન્સ્પેકશન ની કાર્યવાહી પૂર્ણ થતા સદર સમયમાં મંજુરી અપેક્ષિત હતી. પરંતુ તા. ૨૩.૦૭.૨૦૨૪ સુધીમાં ૧૦૨ સંસ્થાઓ પૈકી ફક્ત ૯ સંસ્થાઓને વર્ષ ૨૦૨૪-૨૫માં બેઠકોની મંજુરી પ્રાપ્ત થયેલ છે. અને બાકીની સંસ્થાઓ ને પ્રવેશ વર્ષ ૨૦૨૪-૨૫ પર બેઠકોની મંજુરી પ્રાપ્ત થયેલ નથી. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ફાર્મસી કાઉન્સિલ દ્વારા દેશભર ની કોઇપણ કોલેજ ને વર્ષ ૨૦૨૪-૨૫માં મંજુરી આપવામાં આવેલ નથી.

ઉક્ત બેઠકો ની મંજુરી આપેલ નાં હોઈ યુનિવર્સીટી દ્વારા એફિલિએશન પણ આપવામાં આવેલ નથી. જેથી હાલનાં તબક્કે પ્રવેશ ફાળવણી શક્ય નથી. ઉક્ત બાબતો ને ધ્યાને લઈને મંજુરી પ્રાપ્ત થયે પ્રવેશ નો પ્રથમ રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે હિતાવહ છે.

આથી પ્રથમ વર્ષ ડીગ્રી અને ડીપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમનાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓને જણાવવાનું કે **પ્રથમ રાઉન્ડની ચોઈસ ભરવાની છેલ્લી તારીખ હાલના તબક્કે તા.૦૫.૦૮.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. અગામી કાર્યક્રમ તા. ૦૫.૦૮.૨૦૨૪ નાં રોજ મુકવામાં આવશે.**

- સભ્ય સચિવ

તા. ૨૪.૦૭.૨૦૨૪

# **Important Notice for aspiring candidates and parents seeking admission to first year Degree Pharmacy and Diploma Pharmacy courses**

There are about 100 pharmacy colleges in the state with around 9500 seats. In this regard, students who have appeared in GUJCET/NEET/JEE examination of Class 12th Science stream are eligible for admission.

The approval of seats in pharmacy institutions is given by the Pharmacy Council of India, on the basis of which the students are given license after the course. In the said matter the approval of seats is required before admission. Approval was expected after completion of the inspection process by the Pharmacy Council, but as on 23.07.2024 out of 102 institutes only 9 institutes have received approval of intake for the year 2024-25. And remaining institutions have not received approval of intake for the admission year 2024-25.

The intake has not been approved by council thus affiliation has not been given by the University. So, admission allotment is not possible at present stage. Taking into consideration the above mentioned matters, it is imperative that the first round of admission process is conducted after receiving the approval.

Hence to inform the candidates seeking admission to first year Degree Pharmacy and Diploma Pharmacy courses that **the last date for filling the first-round choice has been extended till 05.08.2024 at this stage. Next schedule will be posted on 05.08.2024 on the website of the committee.**

- Member Secretary
24.07.2024